૬૦૨/૩,૩૩૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૨ જૂન, ૨૦૧૧)**

**(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦)** **સત્સંગ પ્રવીણ - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૧૦૦)**

**વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ - સાતમી આવૃત્તિ, જુલાઈ - ૨૦૦૭**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આ ગામમાં સત્સંગ નથી.'' (૭૩)
૨. ''માટે જાઓ, તમારા મનને પૂછી જુઓ.'' (૮૬)
૩. ''થાક લાગશે, હાથે ફોલ્લા પડશે.'' (૩૦)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં)** [૯]

૧. બંગાળ આશ્રમના મહંતે પાંચસો સોનામહોરોની રકમ શિષ્યોને આપી. (૬૧ - ૬૨)
૨. દરેક વચનામૃતની શરૂઆત શ્રીજીમહારાજના ધ્યાનથી થાય છે. (૩૨)
૩. વજુભાઈ સાધુ થઈ ગયા. (૧૩)
૪. શાંતિબાએ મહારાજને લોયા બોલાવવા સુરાખાચરને મોકલ્યા. (૭૫)

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. આજ્ઞા (૬૫) **અથવા** ૨. ભક્તચિંતામણિ અને શ્રીહરિલીલામૃત (૩૮, ૩૯)
૩. જીવાખાચર (૨૦) **અથવા** ૪. રાજાભાઈ (૫૮)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૬]

૧. ધ્યાનનું મૂળ શું છે ? (૪૨)
૨. મગનભાઈના હૃદયના તમામ સંકલ્પો શાથી વિરામ પામી ગયા ? (૯૫)
૩. શ્રીજીમહારાજનો આકાર અને રૂપ કેવા છે ? (૬૯)
૪. ઉકાખાચર તથા તેમનાં પત્ની સવારે વહેલા ઊઠી શું કરતા ? (૧૦)
૫. આત્યંતિક કલ્યાણ કોને કહેવાય છે ? (૯૧)
૬. સંત પોતાના સંબંધમાત્રથી શું હરી લે છે ? કેમ ? (૨૩)

**પ્ર.૫** 'દુઃખ કોઈ માનશો નહિ......' (૮૦) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** [૫]

**વિષય :- ભક્તરાજ મગનભાઈ (૯૪)**

**૧.** મગનભાઈનો જન્મ કરમસદ ગામમાં થયો હતો. **૨.** કીબ્વેઝીમાં સ્ટેશન માસ્તર હતા ત્યારે મગનભાઈને હરમાનભાઈના યોગથી સત્સંગ થયો. **૩.** શાસ્ત્રીજી મહારાજે કહ્યું, ''પ્રયત્ન કરો સત્સંગ થશે.'' **૪.** દારૂનો પાણીની જેમ ઉપયોગ થતો તેવા કીસુમુ ગામમાં તેમની બદલી થઈ. **૫.** શાસ્ત્રીજી મહારાજ કહેતા, ''હું હરમાનભાઈ દ્વારા આફ્રિકામાં કાર્ય કરી રહ્યો છું.'' **૬.** પૂર્વ આફ્રિકા સત્સંગમંડળની સ્થાપના મગનભાઈના શુભ હસ્તે કીજાબેમાં થઈ. **૭.** ટરોરોમાંથી આખા યુગાન્ડામાં સત્સંગ ફેલાયો. **૮.** હરમાનભાઈ પાસેથી અવારનવાર 'સ્વામીની વાતો' સાંભળી તેમની જિજ્ઞાસા વધતી જ ગઈ. **૯.** મગનભાઈ ટરોરોમાં અક્ષરનિવાસી થયા. **૧૦.** મગનભાઈ જન્મથી જ નિર્વ્યસની અને સદાચારી હતા.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો.** [૮]

૧. કામ ક્રોધ ને લોભ ........ લેજ્યો હરિ તેહ. (૭૭)
૨. પચરંગી પુષ્પનાં ......... કષ્ટ હરતા. (૧૬)
૩. વ્હાલા તારી નાસિકા ......... મીઠું ગાવતા રે લોલ. (૬૪)
૪. રટત દશશતવદન ........ કૈવલ્યધામી. (૯)

**પ્ર.૮ નીચે આપેલા જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૬]

૧. ૐ કાલદોષનિવારકાય નમઃ ........ ૐ કલિતારકાય નમઃ (૪૮)
૨. શિક્ષાર્થમત્ર ...... શરણં પ્રપદ્યે । (૨૪)
૩. નિજાત્માનં ........ કૃષ્ણસ્ય સર્વદા. - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો. (૯૨)

**(પાછળ જુઓ)**

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવીણ-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | મહિનો | વર્ષ |
|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | ☐☐ | ☐☐ | ☐☐☐☐ |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

## વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી - આઠમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. અમારા વૃદ્ધ સાધુ છે, ટાઢ ચડી છે, થોડાં ઇંધણાં આપશો ? (૬૨)

૨. બીજાં ઓગણત્રીસ બાકી રહ્યાં છે તો જૂનાગઢ આવો તો પૂરાં કરી આપું. (૭૫)

૩. મેં તો મહારાજને રાજી કરવા આપની સેવા કરી છે. (૩૨)

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ <u>ત્રણ</u> વિષે કારણ લખો. (નવેક લીટીમાં)** [૯]

૧. આચાર્ય મહારાજનો આગ્રહ છતાં સ્વામી પત્તરમાં જમ્યા. (૭૮, ૭૯)

૨. મહારાજે સોરઠ દેશના ભક્તોને પોતાનું અક્ષરધામ બક્ષિસ આપ્યું. (૪૩)

૩. મહારાજે મૂળજીને ઘર બાળીને આવવાની આજ્ઞા કરી. (૧૫)

૪. આખાના મૂળજી શ્રોત્રિયને પશ્ચાત્તાપ થયો. (૬૦)

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>બે</u> વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. સત્સંગમાં અક્ષરબ્રહ્મનું પ્રવર્તન (૫૧) ૨. શ્રીહરિ સાથે પ્રથમ મેળાપ (૭) ૩. દર્શનનો ખપ (૧૯)

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૬]

૧. નાગર ભક્તને રોજ કયો નિયમ હતો ?(૬૩)

૨. કરુણાનંદ બ્રહ્મચારીએ સવારની સભામાં શું કહ્યું ? (૭૭)

૩. 'સભામાં સ્વામી જ વાતો કરશે' એવું ફરમાન આચાર્ય મહારાજે શા માટે કર્યું ? (૫૫)

૪. અનાદિ બ્રહ્મના સંગે કેવું થવાય ? (૪૯)

૫. શુકજીએ શાથી વૃક્ષમાં રહીને જવાબ આપ્યો હતો ? (૩૩)

૬. મહારાજ સ્વામીને વરતાલમાં ઓગણીસ વાર કેમ ભેટ્યા ? (૨૭)

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>એક</u> પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** [૪]

૧. વૃત્તિનો નિરોધ (૨૧) ૨. આજ્ઞાધારક (૨૩) ૩. સ્વામીના સત્સંગી (૪૭)

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામી સંતોને કયા હરિભક્તોનો સમાગમ કરવાનું કહેતા ? (૬૪)

(૧) ☐ કમીગઢના રચો દેસાઈ (૨) ☐ હામાપરનો કરસન બાંભણિયો

(૩) ☐ ચાડિયાના રામ ભંડેરી (૪) ☐ વંથળીના કલ્યાણભાઈ

૨. ગુણાતીતાનંદ સ્વામીએ કોને જૂનાગઢ સમાગમ કરવા માટે બોલાવેલા ? (૫૭, ૫૮, ૭૫)

(૧) ☐ રઘુવીરજી મહારાજ (૨) ☐ વાસુદેવચરણદાસ

(૩) ☐ વાઘાખાચર (૪) ☐ કારિયાણીના નથુ પટેલ

૩. શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ કયાં સ્થાનોમાં કરાવી ? (૧૧, ૧૯)

(૧) ☐ ભાદરા (૨) ☐ અમદાવાદ

(૩) ☐ સારંગપુર (૪) ☐ જેતલપુર

૪. ગુણાતીતાનંદ સ્વામીના જીવનની અગત્યની તિથિઓ. (૨, ૧૬)

(૧) ☐ જન્મતિથિ - આસો સુદ પૂનમ (૨) ☐ જન્મતિથિ - કારતક સુદ પૂનમ

(૩) ☐ દીક્ષાતિથિ - ફાગણ સુદ પૂનમ (૪) ☐ દીક્ષાતિથિ - પોષ સુદ પૂનમ

❋ ❋ ❋

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૦ જુલાઈ, ૨૦૧૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**